# તલોદ અને પ્રાંતિજમાં ૬૦ ટકાથી વધુ વરસાદ

## છેલ્લા ૨૪ કલાકમાં તલોદમાં ૧૦૦ થી અને પ્રાંતિજમાં ૭૬ મી.મી.થી વધુ વરસાદ : વિજયનગર, હિંમતનગરમાં બે ઇંચ વરસાદ : જિલ્લામાં મોસમનો કુલ વરસાદ ૪૨.૪૩ ટકા થયો

હિંમતનગર, તા. ૧૦
સાબરકાંઠા જિલ્લામાં આ વર્ષે સાતમ આઠમના તહેવારો પર મેઘરાજાએ કૃપા વરસાવવાનું શરૂ કર્યુ છે. ત્યારે છેલ્લા ૨૪ કલાકમાં તલોદ તાલુકામાં ૧૦૦ મી.મી.થી વધુ અને પ્રાંતિજ તાલુકામાં ૭૬ મી.મી.થી વધુ વરસાદ વરસતા ધરતીપુત્રો ખુશખુશાલ થઈ ગયા છે. હિંમતનગર અને વિજયનગરમાં પણ બે ઈંચથી વધુ વરસાદ વરસ્યો છે. સોમવાર સુધીમાં જિલ્લામાં મોસમનો કુલ વરસાદ ૪૨.૪૩ ટકા થયો છે તેમાં સૌથી વધુ વરસાદ તલોદ અને પ્રાંતિજ તાલુકામાં થયો હોવાનું ડીઝાસ્ટર વિભાગમાંથી જણાવાયુ છે.

સાબરકાંઠા જિલ્લામાં ગત શનિવારથી વરસાદી માહોલ શરૂ થયા બાદ ત્રણ દિવસથી સૂર્યનારાયણના દર્શન થઈ રહ્યા નથી. વાદળછાયા વાતાવરણને લીધે બાફ અને ઉકળાટનું પ્રમાણ તદ્દન ઘટી ગયુ છે. જોકે વરસાદી માહોલના લીધે ઠેરઠેર ગંદકી અને માખી મચ્છરોનો ઉપદ્રવ વધી ગયો છે. છેલ્લા ૨૪ કલાકમાં જિલ્લામાં સૌથી વધુ વરસાદ તલોદ તાલુકામાં અંદાજે ૧૧૦ મી.મી. અને પ્રાંતિજ તાલુકામાં ૭૬ મી.મી.થી વધુ વરસાદ થવાને કારણે ધરતીપૂત્રો ઘેલમાં આવી ગયા છે. સાથોસાથ ડાંગરના પાકને ખુબ જ ફાયદો થયો છે તે ઉપરાંત મગફળી, કપાસ તથા અન્ય કઠોળ પાકોને વરસાદી પાણીથી પુષ્કળ ફાયદો થશે.







અન્ય જિલ્લાઓની વાત કરીએ તો છેલ્લા ૨૪ કલાકમાં ઈડરમાં ૨૮, ખેડબ્રહ્મામાં ૪૩, પોશીનામાં ૨૫, વડાલીમાં ૧૪ જ્યારે વિજયનગર અને હિંમતનગરમાં ૪૬ મી.મી.થી વધુ વરસાદ વરસ્યો છે. સાબરકાંઠા જિલ્લામાં અત્યાર સુધી મોસમનો કુલ વરસાદ ૨૯૦૪ મી.મી. એટલે કે ૪૨.૪૩ ટકા થયો હોવાનું ડીઝાસ્ટર વિભાગનું કહેવુ છે. રવિવારે અને સોમવારે હિંમતનગર સહિત જિલ્લાના મોટા ભાગના સ્થળે પડેલા વરસાદને કારણે નીચાણવાળા વિસ્તારોમાં વરસાદી પાણીનો નિકાલ ન થવાને કારણે ખાબોચીયા ભરાઈ ગયા છે. જેના લીધે માખી મચ્છરોનો ઉપદ્રવ વધી ગયો છે. જેના લીધે આગામી દિવસોમાં કાળજી ન રાખનાર લોકો મેલેરીયા તથા અન્ય વાયરસ જન્ય રોગમાં સપડાય તેવી શક્યતા છે.

ડીઝાસ્ટર વિભાગના જણાવાયા મુજબ સોમવારે સવારે છ વાગ્યાથી સાંજે ચાર વાગ્યા સુધીમાં હિંમતનગરમાં ૩૮, વિજયનગરમાં ૨૯, વડાલીમાં ૨૦, તલોદમાં ૧૦, પ્રાંતિજમાં ૩૩ જ્યારે પોશીના પંથકમાં ૪૯ મી.મી. એટલે કે બે ઈંચ વરસાદ પડ્યો છે. જેના લીધે આ વિસ્તારમાં મુખ્યત્વે કપાસ અને મકાઈના પાકને ખુબજ ફાયદો થયો છે. હવે જો આગામી દિવસોમાં સારો વરસાદ પડશે તો આ વિસ્તારમાં આવેલી નદીઓમાં નવા નીર આવશે.



જિલ્લાના મોટા ભાગના રેલવે અંડરબ્રિજ પાણીથી તરબોળ : રવિવારે રાત્રે અને સોમવારે વહેલી સવારે હિંમતનગર, પ્રાંતિજ, તલોદ સહિત ગાંભોઈ અને રાયગઢ વિસ્તારમાંથી પસાર થતી અમદાવાદ-ઉદેપુર રેલવે ટ્રેક પર બનાવાયેલ તમામ અંડરબ્રિજમાં વરસાદી પાણી ભરાઈ જતા સોમવારે અનેક લોકોને અવરજવર કરવામાં મુશ્કેલી વેઠવી પડી હતી.

# મોડાસા કોવિડ હોસ્પિટલના એમ્બ્યુલન્સ ચાલક અરવિંદભાઈએ કોરોનાને મ્હાત આપી

## ૭૦૦૦થી વધુ કોરોનાના સેમ્પલ પહોંચાડવાની કામગીરી દરમિયાન થયા હતા સંક્રમિત

મોડાસા, તા. ૧૦
અરવલ્લીમાં કોરોનાનો વ્યાપ ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં જોવા મળતા કોરોનાનો કુલ આંક ૩૦૦ થી વધુને પાર કરી ચુક્યો છે. ત્યારે આવા સમયે કોરોનાના દર્દીઓના સારવાર માટે મોડાસાની સાર્વજનિક હોસ્પિટલ આશીર્વાદ સમાન નિવડી છે. તેમાં ત્યાં તબીબો અને પાયાના કામ કરતા એમ્બ્યુલન્સ ડ્રાઈવર અને સફાઈ કર્મીઓની મહેનતને શ્રેય જાય છે.



મોડાસાની કોવિડ હોસ્પિટલના આવા જ એક કર્મચારી અરવિંદભાઈ ધોબી જે એમ્બ્યુલન્સના ચાલક છે. જેઓ પણ કોરોનાના સંક્રમણમાં આવતા હોસ્પિટલમાં સારવાર અર્થે રખાયા અને મજબૂત મનોબળથી કોરોનાને મ્હાત આપી ફરીથી નોકરી ચાલુ કરવાની હિંમત દાખવી છે.

૫૫ વર્ષીય અરવિંદભાઈ છેલ્લા ૧૫ વર્ષથી સાર્વજનિક હોસ્પિટલમાં એમ્બ્યુલન્સના ડ્રાઈવર તરીકે ફરજ બજાવે છે. જેમાં ઘણા જરૂરીયાતમંદ ગરીબ દર્દીઓને ઘર સુધી પહોંચાડવાની સેવા કરી છે. પરંતુ છેલ્લા માર્ચ મહિનાથી કોરોનાની શરૂઆત થઈ તો દિવસ-રાત જોયા વગર કોરોનાના દર્દીઓને ઘરેથી હોસ્પિટલ સુધી લાવવાની તેમજ દર્દીઓના સેમ્પલ પહોંચાડવાની કામગીરી કરી છે.

આ અંગે વાત કરતા ડૉ. યજ્ઞેશ નાયક જણાવે છે કે કોરોના શરૂઆતના તબક્કામાં જ્યારે કોરોનાના સેમ્પલ લેવામાં આવતા તેને અમદાવાદ અને ગાંધીનગર પહોંચાડવાનું કામ અરવિંદભાઈ દ્વારા કરવામાં આવતુ હતુ. ત્યારબાદ હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં સેમ્પલ આપવામાં આવતા હતા. જ્યાં અત્યાર સુધી ૭૦૦૦ થી વધુ સેમ્પલ પહોંચાડી કોરોનાના દર્દીઓને ઝડપી સારવાર મળે તે માટે કાર્યરત રહ્યા. આ ઉપરાંત કોરોનાના દર્દીઓને હોસ્પિટલ સુધી લાવવાનું અગત્યની કામગીરી સાથે જોડાયા પરંતુ એ સમયગાળા દરમિયાન અરવિંદભાઈ પોતે પણ કોરોનાના સંક્રમણમાં આવી ગયાને સારવાર અર્થે લવાયા તેમના મજબુત મનોબળથી કોરોનાને મ્હાત આપી ફરી દર્દીઓની સારવારમાં લાગી જવાની હિંમત બતાવી છે જે ખરેખર પ્રશંસનીય છે. અહર્નિશ સેવારત આવા નાના કર્મચારીઓની સાચા અર્થમાં કોરોના વોરીયર છે.

# બે ઈંચ વરસાદે હિંમતનગરને ઘમરોળ્યુ : ઠેર ઠેર પાણી ભરાતા લોકો મુશ્કેલીમાં મુકાયા

## મોતીપુરા, સાબરડેરી નજીક પાણી ભરાતા વાહનોની લાઈનો લાગી

હિંમતનગર, તા. ૧૦
હિંમતનગર અને આસપાસના વિસ્તારોમાં રવિવારે રાત્રે તથા સોમવારે વહેલી પરોઢે પડેલા જોરદાર વરસાદને લીધે શહેરના અનેક ઠેકાણે પાણી ભરાઈ જવા પામ્યા હતા. જોકે જિલ્લાની પ્રજાને બાફ અને ઉકળાટમાંથી રાહત જરૂર મળી છે પરંતુ હિંમતનગરના અનેક ઠેકાણે તંત્રના ઢંગઢાળા વિનાના આયોજનને લીધે વરસાદી પાણીનો નિકાલ ન થવાને કારણે અનેક વિસ્તારોના આ નીચાણવાળા વિસ્તારો સરોવરમાં ફેરવાઈ ગયા છે.

હિંમતનગરમાં રવિવારે રાત્રે અને સોમવારે પડેલા વરસાદને લઈને મહાવીરનગર, મોતીપુરા, ટાવરરોડ, મહેતાપુરા, પોલોગ્રાઉન્ડ સહિતના અન્ય વિસ્તારોમાં સવારે નીચાણવાળા વિસ્તારોમાં વરસાદી પાણીનો ભરાવો થઈ ગયો હતો. દરમિયાન હિંમતનગરના સહકારી જીન, મોતીપુરા સર્કલ તથા સાબરડેરી નજીક નેશનલ હાઈવે પર પાણી ભરાઈ જતા હાઈવે ઓથોરીટી દ્વારા આ વિસ્તારમાં વનવે ડાયવર્ઝન અપાયુ હોવાથી આખો દિવસ ટ્રાફીક જામ રહ્યો હતો.



બીજી તરફ કાંકણોલ પંચાયતમાં આવતી ચિત્રકુટ સોસાયટીમાં રસ્તાનું તથા મકાનોનું લેવલ જળવાયુ ન હોવાથી દર ચોમાસામાં ખાસ્સા દિવસો સુધી પાણીનો નિકાલ ન થતા સોસાયટીવાસીઓ ત્રાહીમામ પોકારી જાય છે. આ સોસાયટીના રહીશોના જણાવાયા મુજબ અનેક વખત પંચાયતમાં તથા પાલિકામાં રજુઆતો કરાઈ હોવા છતાં અમારી મુશ્કેલીનો કોઈ નિવેડો આવતો નથી જેના લીધે ચોમાસામાં આ વિસ્તારમાં માખી મચ્છરોનો ઉપદ્રવ થવાને કારણે રોગચાળો વધુ ફેલાય છે. જેથી આરોગ્ય વિભાગે આ વિસ્તારની મુલાકાત લઈને વરસાદી પાણીના નિકાલ માટે ઘટતી કાર્યવાહી કરવી જોઈએ.

તે ઉપરાંત શહેરની મધ્યમાં આવેલ ટાવરરોડ પરના નગરપાલિકા ભવન આગળ સામાન્ય વરસાદ પડે તો પણ પાણીનો નિકાલ થતો નથી. અહીંથી સરકારી બાબુઓ તથા પાલિકાના પદાધિકારીઓ અને કર્મચારીઓ રોજબરોજ પસાર થાય છે તો પણ નિકાલની કોઈ વ્યવસ્થા થતી નથી જેના લીધે શહેરની પ્રજા તંત્ર અને પાલિકાના વહિવટની નિંદા કરીને રોષ વ્યક્ત કરી રહ્યા છે.



**ભિલોડા કોટેઝ હોસ્પિટલમાં રક્તદાન શિબિર યોજાઈ**

ભિલોડા તાલુકા આરોગ્ય કચેરી અને ભારત વિકાસ પરીષદ,ભિલોડા શાખાના સંયુક્ત ઉપક્રમે કોટેઝ હોસ્પિટલમાં રક્તદાન શિબિર યોજાઈ હતી. રક્ત દાતાઓએ રક્ત દાન કરીને સેવાકીય ભગીરથ કાર્યમાં જોડાયા હતા. રક્તદાન મહાદાન સુત્રને રક્ત દાતાઓએ સાર્થક કર્યું હતું.

# સાબરકાંઠામાં વધુ આઠ, ખેડબ્રહ્મા તાલુકામાં બે કેસ

હિંમતનગર, તા. ૧૦
કોરોના મહામારી હજુ દુર થઈ નથી ત્યારે સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન હિંમતનગર, પ્રાંતિજ, વિજયનગર અને ખેડબ્રહ્મા તાલુકામાં કોરોના પોઝીટીવના છુટા છવાયા કેસ નોંધાઈ રહ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં કોરોના પોઝીટીવ કેસનો આંકડો ૫૩૦ પર પહોંચી ગયો છે. જોકે હવે તો પ્રજામાં કોરોનાનો ભય ઓછો થયો છે પરંતુ જાગૃતિ વધુ આવી ગઈ છે.

આરોગ્ય વિભાગના જણાવાયા મુજબ રવિવારે સાંજે પાંચ વાગ્યાથી સોમવારે સાંજે પાંચ વાગ્યા સુધીમાં જે નવા આઠ કેસ નોંધાયા છે તે પૈકી હિંમતનગરની હરીઓમ સોસાયટીમાં ૫૨ વર્ષીય મહિલા, ગોપાલકુંજ સોસાયટીમાં ૪૩ વર્ષીય પુરૂષ, ગોલ્ડન પાર્કમાં ૪૨ વર્ષીય પુરૂષ તથા પોલોગ્રાઉન્ડમાં ૭૪ વર્ષીય વૃદ્ધ ઉપરાંત તેજપુરા ગામના ૭૦ વર્ષીય મહિલા કોરોનાનો શિકાર બન્યા છે.

તેજ પ્રમાણે પ્રાંતિજ તાલુકાના ઘડકણ ગામના ૫૮ વર્ષીય પુરૂષ, વિજયનગરમાં ૩૫ વર્ષીય મહિલા અને ખેડબ્રહ્મા તાલુકાના ઉંચીધનાલ ગામમાં રહેતા ૩૪ વર્ષીય યુવકની કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે. જે મળીને સોમવારે સાબરકાંઠા જિલ્લામાં કોરના પોઝીટીવ કેસનો કુલ આંક ૫૩૦ થયો છે. જે પૈકી ૪૦૬ ને રજા અપાઈ છે અને હાલ જિલ્લામાં ૧૧૭ એક્ટીવ કેસ છે.

ખેડબ્રહ્મા પંથકમાં છેલ્લા ૧૦ દિવસથી કોરોનાના કેસ વધી રહયા છે ત્યારે કોરોના હવે ગામડામાં પણ પ્રવેશ કરી ચુક્યો છે. ખેડબ્રહ્મા તાલુકાના ઉચીધનાલ ગામમાં મૂળ રાજસ્થાનના ૩૦ વર્ષિય પુરુષને કોરોના પોઝેટીવ રીપોર્ટ આવ્યો છે જ્યારે ખેડબ્રહ્મા શહેરના વાસણા રોડ પર હનુમાનજી મંદિર પાછળ રામેશ્વર નગરમાં એક મહિલાને કોરોના પોજીટિવ આવતા બંનેને હિંમતનગર સિવિલમાં ખસેડાયા હતા અને બન્ને વિસ્તરીને કન્ટેનમેન્ટ કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

## ૧૦ વર્ષથી પતિ અને સાસુ-સસરાનો અસહ્ય ત્રાસ અને

# પતિ વારંવાર ઘરમાં પુરી દેતા મહિલાની મદદે ૧૮૧ અભયમ્ ટીમ પહોંચી

ભિલોડા, તા. ૯
ઘરેલુ હિંસા સહિતની વિવિધ પ્રકારની હિંસાના કિસ્સા ડામવા અને તાત્કાલિક મહિલાઓને બચાવ અને સલાહ માર્ગદર્શન તથા મહિલાઓ, યુવતીઓની થતી રંજાડ સામે મદદ પુરી પાડવા ૧૮૧ અભયમ હેલ્પલાઈની શરૂઆત કરવામાં આવી છે. ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન આશીર્વાદ રૂપ સાબિત થઈ રહી છે અનેક લોકોના ઘર સંસાર તૂટતાં બચાવ્યા છે. તો અનેક મહિલાઓ અને યુવતીઓની રંજાડ કરતા શખ્સોને કાયદાકીય પાઠ પણ ભણાવ્યા છે. ત્યારે અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના કિશનગઢ ગામે મહિલાનો પતિ અને સાસુ સસરા માનસિક ત્રાસ આપતા હોવાની સાથે પતિ તેની પત્નીને વારંવાર ઘરમાં પુરી દેતો હોવાથી અને મહિલાના પરિવારજનોને પણ જાનથી મારી નાખવાની ધમકી આપતા મહિલાની બહેને ૧૮૧ અભયમની મદદ લેતા અરવલ્લી અભયમ ટીમ તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી ઘરમાં કેદ રહેલી મહિલાને છોડાવી હતી. મહિલાએ પતિ અને સાસુ-સસરા વિરુદ્ધ ભિલોડા પોલીસ સ્ટેશનમાં ગુન્હો નોંધાવતા ભિલોડા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.



ભિલોડા તાલુકાના બાવળીયા-ટોરડા ગામની જશોદાબેનના લગ્ન સામાજિક રીતરિવાજ મુજબ કિશનગઢના પ્રભુદાસ કાળીદાસ ભેંસા સાથે લગ્ન થયા હતા. લગ્ન જીવનના થોડા સમય પછી પ્રભુદાસે તેમની પત્ની પર વહેમ રાખી ઘરમાં પુરી દેતો હતો તેમજ માનસિક શારીરિક ત્રાસ આપવાનો શરુ કર્યો હતો. લગ્નજીવન દરમિયાન ૪ બાળકોનો જન્મ થતા મહિલા લગ્ન સંસાર ટકાવી રાખવા અને બાળકોના ભવિષ્યને લઈને સહન કરતી હતી. તેનો પતિ વારંવાર મહિલાને ઘરમાં પણ પુરી દેતો હતો, મહિલાના સાસુ સસરા પણ મહિલા વિરુદ્ધ પતિની ઉશ્કેરણી કરી શારીરિક ત્રાસ આપતા હતા. મહિલાનો પતિ આટલેથી ન અટકતા તેની પત્નીના પરિવારજનો ત્રાસ આપી જાનથી મારી નાખવાની ધમકી આપતો રહેતો હતો તેમ છતાં તેમની દીકરીનો ઘરસંસાર તૂટે નહિ એટલે સહન કરતા હતા. છેલ્લા થોડાક દિવસોથી મહિલાને ઘરમાં પુરી રાખતા મહિલાની બહેને આખરે મોંઘા મોઢે સહન કરતી બહનને માનસિક અને શારીરિક ત્રાસમાંથી છોડાવવાનો નીર્ધાર કરી ૧૮૧ અભયમની મદદ લેતા હેલ્પલાઈન પર સમગ્ર ઘટનાનું વર્ણન કરતા અરવલ્લી ૧૮૧ અભયમ ટીમને જાણ કરવામાં આવી હતી.

અરવલ્લી ૧૮૧ અભયમ ટીમના કાઉન્સિલર શિલ્પા ગામીત, કોન્સ્ટેબલ ઈલાબેન, પાયલોટ વિક્રમભાઈ તાબડતોડ કિશનગઢ પહોંચી હતી અને ઘરમાં પુરી રાખવામાં આવેલા જશોદાબેનને મુક્ત કરાવ્યા હતા અને મહિલાને હિંમત આપતા મહિલાએ ૧૦ વર્ષથી માનસિક અને શારીરિક ત્રાસ આપતા પતિ અને સાસુ સસરા વિરુદ્ધ ફરિયાદ નોંધાવવાનું જણાવતા મહિલા સાથે ભિલોડા પોલીસ સ્ટેશન પહોંચી મહિલાની ફરિયાદ નોંધાવી હતી. મહિલાએ તેના પતિ અને સાસુ-સસરા વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા ભિલોડા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.





## બાયડ તાલુકામાં સાર્વત્રિક વરસાદ, નદીઓ બે કાંઠે વહી, નવા નીર આવતા ખેડૂતો ખુશખુશાલ

અરવલ્લી જિલ્લામાં છેલ્લા એક અઠવાડિયાથી સતત વાદળછાયું વાતાવરણ છવાયેલું રહેતું હતું પરંતુ વરસાદના આવતા વાતાવરણમાં ઉકળાટ વધતા અને અસહ્ય ઉકળાટ વચ્ચે જિલ્લાવાસીઆ પરેશાન થઈ ચૂક્યા હતા પરંતુ વાતાવરણમાં અચાનક પલટો આવતા છેલ્લા ત્રણ દિવસથી બાયડ પંથકમાં એકથી દોઢ ઈંચ જેટલો વરસાદ વરસતા વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી અને વરસતા વરસાદને કારણે ખેડૂતો ખુશખુશાલ મુદ્રામાં જોવા મળ્યા હતા. વરસાદ ખેંચાતા પાક નિષ્ફળ જવાની ખેડૂતોને ભીતિ સેવાઈ હતી અને ખેડૂતો ચિંતાતુર હતા પરંતુ તાલુકામાં વરસાદી માહોલ જામ્યો છે ત્યારે સારા પાકની આશાએ ખેડૂત પુત્રો આનંદની લાગણી અનુભવે છે. જ્યારે બાયડની ખારી નદીમાં નવા નીર ઉમેરાતા ઘોડાપૂર જેવા દ્રશ્યો સર્જાયા હતા. સિઝનમાં પહેલી વખત નદી બે કાંઠે થતા લોકોમાં ખુશી જોવા મળી હતી. બાયડની વાત્રક નદીમાં તેમજ દખણેશ્વર થઈ જતી નદીમાં પણ નવા નીર ઉમેરાતા ખેડૂતોમાં ખુશી જોવા મળી હતી.